**<u>રે.દિ.મું.નં. ૨૧/૨૦૨૦ ના કામે આંક–૦૫ ને લગત હુકમ</u>**

**(૧)** આ કામે હાલનો દાવો પ્રતિવાદીની સામે ડેકલેરેશન તથા કાયમી મનાઈ માટેનો દાખલ કરેલ છે. તેમાં તેઓએ તેવી દાદ માંગેલ છે કે ઝીકીયારી ગામના રેવન્યુ સર્વે નં. ૧૬૫ પૈકી ૨ તથા ૧૬૫ પૈકી ૪ ની જમીનમાં કોઈપણ જાતનું દબાણ કરે નહી, કે ગેરકાયદેસર રીતે કોઈ સડક કરે કરાવે નહી. કે પ્રવેશ કરે કરાવે નહી.કબજા ભોગવટામાં દખલ અંતરાય કરે કરાવે નહી.તેમજ કાયદેસરની પ્રક્રિયા અનુસર્યા સિવાય પ્રતિવાદીઓને દાવાવાળી જમીનમાં સડક બનાવવાનો કે રસ્તો બનવાનો કોઈ હકક કે અધિકાર નથી. તેમજ તેવુ ડેકલેરેશન તથા કાયમી મનાઈ હુકમ મેળવવા અમોએ દાવો દાખલ કરેલ છે. અને તેમાં આંક–૫ ની મનાઈ અરજી આપવી તેવી દાદ માંગેલ છે. આ કામના પ્રતિવાદી અમારી સંમતિ વગર કે કાયદેસરની પ્રક્રિયા વગર અમારી માલીકીની જમીનમાં પ્રતિવાદીઓ ગેરકાયદેસર રીતે પ્રવેશ કરી કરાવે નહી. કે સડક કે રસ્તો કરે કરાવે નહી. તેમજ અમારા કબજાભોગવટામાં દખલ અંતરાય ઉભુ કરે કરાવે નહી. તેવો દાવાના આખરી નિકાલ સુધી મનાઈ હુકમની માંગણી કરેલ છે. તેઓની અરજીમાં તેઓએ વધુમાં જણાવેલ છે, કે વાદી ઉપરોકત સરનામે રહી, ખેતીકામ કરી તેમના પરીવારનું ગુજરાન ચલાવે છે. તેઓની માલીકીની જમીન તા.જી.મોરબી , ઝીકીયારી ગામના રે.સર્વેનં. ૧૬૫ પૈકી ૨ ની જમીન હે.આરે.ચો.મી.૧–૬૧–૮૮ ની વડીલોપાર્જીત જમીન આવેલ છે.તેની ભાયોભાગની વહેંચણી થતા આ જમીન ગામ નમુના નં.૬ નોંધ નં. ૨૧૨૫ તા. ૨૨/૦૩/૧૯૯૬ થી મંજુર થયેલી. ત્યારથી અમો આ જમીનના સ્વતંત્ર માલીકી અને કબજેદાર થયેલ.તેમજ સર્વે નં. ૧૬૫/૪ ની હે.આરે.ચો.મી.૧–૧૭–૩૬ વાળી જમીન રજી.દસ્તાવેજ અનુ.નં.૨૦૩૪ તા.૦૪/૦૪/૧૯૯૮ ના રોજથી દેવકરણભાઈ મોહનભાઈ પાસેથી ખરીદ કરેલી, જેની નોંધ નં. ૨૨૬૮ થી મંજુર થયેલ ત્યારથી આ જમીનમાં અમો માલીકી કબજેદાર થયેલ છીએ. અમોને આ ખેતરમાં આવા જવા માટેનો રસ્તો સુસવાગના માર્ગ દક્ષિણ તરફ આવેલ રસ્તાથી આવેલ છે.આ સુસવાગનો માર્ગ પુર્વ થી પશ્ચિમ સળંગ આવેલ છે. આ કામના પ્રતિવાદીઓ અમો વાદીના ખેતરની પુર્વ બાજુ પાકો રોડ બનાવવાની તૈયારી કરી રહેલ છે. અમો વાદીઓની જમીનમાં પુર્વ શેઢે કોઈ જ રસ્તો આવેલ નથી કે કયારેય આવેલ હતો નહી.તેમ છતા આ કામના પ્રતિવાદીઓ અમો વાદીઓની જમીન માંથી પુર્વ બાજુએ ઉતર–દક્ષિણ રસ્તો, સડક બનાવી રહેલ છે. આ કામના પ્રતિવાદીએ અમોને કયારેય કોઈ નોટીસ આપેલી નથી, કે કોઈ જાણ કરેલ નથી.તેમજ અમારી આ જમીન સંપાદન કરવામાં આવેલ નથી.તેમ છતા પ્રતિવાદીઓ અમારી જમીનમાં આશરે ૧૧૦૦ ફુટ જેટલી લંબાઈની જગ્યામાં પાકો રોડ બનાવવાની કમગીરી શરૂ કરેલ છે. જે કામગીરી કરવા તેઓને કાયદેસર રીતે કોઈ હકક કે અધિકાર નથી. જેની અમોને જાણ થતા અમોએ સ્થળ પર હાજર અધિકારીશ્રીને પુછપરછ કરતા તેઓને જણાવેલ, કે અમારી જમીનમાં પુર્વ બાજુએ રોડ બનાવાનો છે, આથી અમોએ તેમને જણાવેલ કે આ જમીન અમારી માલીકીની

છે તેમાં રોડ માટે સંપાદન કરવામાં આવેલ નથી. તેથી રોડ ન બનાવવા અમોએ જણાવેલ તો તેમને કહેલ કે રોડ અહિ મંજુર થયેલ છે અને કલેકટરશ્રીના હુકમ મુજબ અમો રોડ અહી બનાવવાના છીએ. જેથી હાલનો અમારો દાવો લાવવાની ફરજ પડેલ છે. આમ વાદીઓનો પ્રાઈમાફેસી કેસ છે તથા બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીઓની તરફેણમાં છે. અને મનાઈ હુકમ આપવામાં ન આવે તો અમારી કાયદેસરની માલીકીની જગ્યા અને કબજાભોગવટાની જમીનમાં ગેરકાયદેસર રીતે તેઓ સડક બનાવી નાખે તો અમારી માલીકીની જમીન બીનખેત થઈ જાય તેમ છે. તેથી અમારી જમીનના અમારા માલીકીના હકક છીનવાઈ જાય તેમ છે. જેથી અમોને નાણાંમા ના આકી શકાય તેવુ નુકશાન થાય છે. આ સંજોગો ધ્યાને લઈ માંગ્યા મુજબનો મનાઈ હુકમ મેળવવા અરજ કરેલ છે.

(૨) આ કામે પ્રતિવાદીનં. ૨ , ૩ નાઓએ આંક–૧૫ થી વાદીની દાવા તથા કાયમી મનાઈ અરજીનો જવાબ રજુ કરેલ છે. તેમાં તેઓએ જણાવેલ છે કે વાદીના સર્વેનં. ૧૬૫ની પુર્વ બાજુમાં ઉતર–દક્ષિણ રસ્તો ( ગાડા માર્ગ / કાચો રસ્તો ) વર્ષો પહેલા થી જ હયાત છે, જેનો ગ્રામજનો તથા રાહતદારીઓ દ્વારા રસ્તા તરીકે ઉપયોગ કરવામાં આવતો. પરંતુ જે તે સમયે રસ્તાની કામગીરી દરમ્યાન વાદી દ્વારા વાંધો રજુ કરવામાં આવતા જમીન વિવાદને કરણે સર્વે નં.૧૬૫ મોજે ઝીકીયારી પુર્વ બાજુએ ઉતર–દક્ષિણ ૧૩૭૮ ફુટ લંબાઈની જમીનમાં આજદીન સુધી અત્રેની કચેરી દ્વારા/ હસ્તક પાકો રસ્તો બનાવવા માટે કોઈપણ પ્રકારની કામગીરી કરવામાં આવેલ નથી.જેથી જમીન સંપાદન કર્યા વગર કે ગેરકાયદેસર રીતે તેઓની સમંતિ વગર કે દબાણ કરીને રસ્તો બનાવવાનો પ્રશ્ન રહેતો નથી. તેમજ ઝીકીયારીના સર્વે નં. ૧૬૫ ની ઉતર–દક્ષિણ આશરે ૧ ૩૭૮ ફુટની લંબાઈની જમીનમાં આાજદીન સુધી અત્રેની કચેરી દ્વારા/ હસ્તક પાકો રસ્તો બનાવવા કોઈપણ પ્ર કારની કામગીરી કરવામાં આવેલ નથી.

(૩) આ કામે વાદીના વિ.વ.શ્રીએ આંક–૧૯ થી કાઉન્ટર એફીડેવીટ રજુ કરેલ છે. તેમાં તેઓએ જણાવેલ છે કે પ્રતિવાદીઓ અમારી કાયદેસરની માલીકી અને કબજાભોગવટાની જમીનમાં ગેરકાયદેસર રીતે દબાણ કરી અમારી સહી સમંતિ વગર અમારી જમીન સંપાદન કર્યા વગર ગેરકાયદેસર રીતે પાકો રસ્તો , સડક બનાવી રહેલ છે. જે કરવા તેઓને કોઈ હકક અધિકાર નથી. તેમજ પ્રતિવાદીઓના દાવા જવાબની તમામ હકિકતો ખરી નથી, તેમજ ઉપજાવી કાઢેલ હતી તેનો ઈન્કાર કરેલ છે. પ્રતિવાદીએ અમારી દાવ અરજીના પેરા ૧ થી ૪ ની હકિકત બાબતમાં કોઈ જવાબ આપેલ નથી. કે આ હકિકતને ચેલેન્જ કરેલ નથી. આ કામના પ્રતિવાદીઓ દાવા જવાબ પેરા–૫ માં અમો વાદીના ખેતરની પુર્વ બાજુએ ઉતર–દક્ષિણ આશરે ૧ ૩૭૮ ફુટ લંબાઈની જમીનમાં આજદિન સુધી અત્રેની કચેરી દ્વારા પાકો રસ્તો બનાવવા કોઈ કામગીરી કરવામાં આવેલ નથી, તેવુ જણાંવેલ છે. પ્રતિવાદીના કથન પરથી અમો વાદીના ખેતરમાં રસ્તો બનાવવા અંગેની કામગીરી શરૂ કરવામાં આવેલ હોવાની હકિકત સ્પષ્ટ થાય છે. આ કામના પ્રતિવાદીઓએ અમો વાદીના ખેતરમાં અને અમારી માલીકીની જમીનમાં રસ્તો બનાવવા માંગતા ન હોય તેવી કોઈ હકિકત જણાવેલ નથી.

પરંતુ વાદીએ પ્રતિવાદીએ હાલનો દાવો લાવતા પ્રતિવાદીઓએ રસ્તા અંગેની કામગીરી બંધ રાખેલ છે. પરંતુ આ કામના પ્રતિવાદીએ અમો વાદીના ખેતરમાં રસ્તો બનાવવાનો મલીન ઈરાદો ધરાવતા હોવાની હકિકત સ્પષ્ટ થાય છે. દાવા જવાબમાં પેરા–૬ માં પ્રતિવાદીએ જણાવેલ છે કે પ્રતિવાદી દ્વારા વાદીની જમીનમાં રસ્તો બનાવમાં આવેલ નથી. તેવી હકિકત માત્ર જણાવેલ છે પરંતુ કોર્ટ કમીશ્નર રીપોટ કામગીરી પ્રતિવાદીઓ દ્વારા કરવામાં આવેલ છે. અને રસ્તો બનાવવા માટે અમારી જમીનમાં લાલ માટી નાખવામાં આવેલ છે તેવુ સ્પષ્ટ થાય છે. જેથી અમોને માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવા અરજ કરેલ છે.

**(૪)** આ કામે વાદીના વિ.વ.શ્રીએ તેમની દલીલમાં જણાવેલ છે કે સર્વે નં. ૧૬૫ /૨ તથા ૧૬૫/૪ ની માલીકીની જમીન વાદીઓની છે તેને કોઈ તકરાર નથી. પ્રતિવાદી કોઈપણ જાતની નોટીસ આપ્યા વગર માલીકીની જમીન માંથી રોડ બનાવે છે. જે કરવા માટે તેઓને કોઈ જાતનો હકક કે અધિકાર નથી. તેમજ કોઈપણ જાતની જાહેર પ્રસિધ્ધી કર્યા વગર રસ્તો બનાવતા હોય, તેઓને તાત્કાલીક અટકાવવા જરૂરી છે. પ્રતિવાદીએ તેઓના દાવા જવાબમાં વાદીની જમીન માંથી કે વાદીની જમીનમાં અમો રસ્તો બનાવતા નથી, કે કોઈ કામગીરી શરૂ છે તેવી કોઈ હકિકત જણાવેલ નથી. આ કામે કોર્ટ કમિશ્નરશ્રીની માર્ક ૭/૧ થી પંચનામાં રજુ થયેલ છે. તેમાં જણાવામાં આવેલ છે કે વાદીના ખેતરમાં લાલ માટી નાખવામાં આવેલ છે.પ્રતિવાદીએ આવી કોઈ હકિકત જણાવેલ નથી, કે અમો રસ્તો નથી બનાવતા તેમજ કોઈ પણ બનાવતુ હોય તો જીલ્લા કલેકટરમાં તમામ નો સમાવેશ થઈ જાય છે. માર્ક ૧૬/૩ થી પંચરોજ કામ કરવામાં આવેલ છે જે તા.૧૬/૦૮/૨૦૧૯ ના રોજનું છે. જેમાં તે જગ્યાએ હાલ રસ્તો નથી. તે જગ્યા પર રસ્તાના આજુબાજુ ખેતર માલીક દ્વારા દબાણ કરે છે. જે અંગે અમો પંચો ખાત્રી બદલ સહી કરીએ છીએ.આ કામે માર્ક ૧૬/૪ થી ગામ તળના નકશામાં જે રસ્તાઓ છે તેમાં આ રસ્તાઓ કયાંય દર્શાવેલ નથી. આ કામના વાદીએ દબાણ કરી રસ્તો બંધ કરેલ હોય તેવી કોઈ અરજી કે કોઈ દબાણ કેસ વાદીની વિરુધ્ધમાં થયેલ નથી કે કોઈ પોલીસ ફરીયાદ કે કોઈ નોટીસ આ કામના પ્રતિવાદીઓ તરફથી વાદીઓને આપવામાં આવેલ નથી. આ તમામ સંજોગો ધ્યાને લઈ અમો વાદીની મનાઈ અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

**(૫)** આ કામના પ્રતિવાદીના વિ.વ.શ્રીએ તેમની દલીલમાં જણાવેલ છે કે તેઓએ આંક–૧૫ થી જે દાવા જવાબ રજુ કરેલ છે તે દાવા તથા મનાઈ હુકમ રજુ કરેલ છે તેને આંક–૫ ની અરજીની દલીલ ગણવા અરજ કરેલ છે.

**(૬)** આ કામે વાદી તથા પ્રતિવાદી તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ, દાવા અરજી તથા મનાઈ અરજી તથા પ્રતિવાદીનો જવાબ તથા કાઉન્ટર એફીડેવીટ વંચાણે લીધા.આ કામે વાદીએ માર્ક ૩/૧ થી ૩/૯ સુધીના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે. જેમાં અનુક્રમે માર્ક ૩/૧ થી ૩/૬ ના દાવાવાળી જમીનના ગામ નમુના નં. ૭/૧૨ તથા ૮–અ ના ઉતારાઓ છે. તેમજ માર્ક ૩/૭ થી ડી.આઈ.એલ.આર. કચેરી મારફતે માપણી કરવામાં આવેલ તેના પૈસા ભરેલી પહોંચ છે. માર્ક ૩/૮ થી

વાદગ્રસ્ત જગ્યાનો રફ સ્કેચ તેમજ માર્ક ૩/૯ સીમતળના નકશાની નકલ રજુ કરેલ છે. આ કામે દાવાવાળી જમીન વાદીઓની માલીકી કબજાભોગવટાની આવેલી છે. એ બાબતે કોઈ તકરાર નથી. તેમજ આ કામે પ્ર તિવાદી તરફથી માર્ક ૧૬/૧ થી તલાટીને લખેલ પત્ર , માર્ક ૧૬/૨ થી તલાટીના પત્રનો જવાબ , માર્ક ૧૬/૩ થી પંચરોજ કામ તેમજ માર્ક ૧૬/૪ થી નકશો રજુ થયેલ છે. જે ધ્યાને લઈ એ તો માર્ક ૧૬/૧ નો પત્ર નાયબ કાર્યપાલ ઈજનેરશ્રી ને માર્ગ અને મકાન (પ) પેટા વિભાગના નામ સરપંચશ્રી / તલાટી કમ મંત્રીશ્રી તા. ૦૮/૦૮/ ૨૦૧૯ ના રોજ પત્ર લખેલ છે. જેમાં ઝીકીયારી થી ગોકુળીયા જવાના રસ્તાના કામનો જોબ નંબર ફાળ વવામાં આવેલ છે. જેમાં સીમતળનાં નકશો મોકલી આપવા માંગણી કરેલ, જેનો જવાબ ત.ક.મ.શ્રી માર્ક ૧૬/૨ થી આપેલ. તેમાં તેઓએ માર્ક ૧૬/૩ નું પંચકામ આ સાથે રજુ કરેલ છે. તેવુ જણાવી માર્ક ૧૬/૩ થી પંચરોજ કામ કરેલ જે પંચરોજ કામ ધ્યાને લઈએ તો ઝીકીયારી ગામના સીમતળમાં અંદાજીત ૬૦ વર્ષ જુનો ઝીકીયારી થી ગોકુળીયા જવાનો રસ્તલ નકશામાં દર્શાવ્યા મુજબની પથરેખા અનુસાર આવેલો હતો. જે હાલ તે જગ્યાએ રસ્તો નથી, તે જગ્યા રસ્તાની આજુબાજુ ખેતર માલીક દ્વારા દબાણ કરેલ છે, તેની સાથે માર્ક ૧૬/૪ નો નકશો તેઓએ પ્રતિ.નં.૩ ને મોકલી આપેલ છે.આ કામે રજુ થયેલ દસ્તાવેજી પુરાવો ધ્યાને લઈએ તો વાદગ્રસ્ત જગ્યા ઉપર જયારે હાલ કોઈ રસ્તો નથી તેવુ પ્રતિવાદીના દસ્તાવેજી પુરાવા પરથી પ્રથમદર્શનિય રીતે જણાય આવે છે. તેમજ આ રસ્તો પ્રતિવાદીના દસ્તાવેજી પુરાવા પરથી પ્રતિવાદીના કહેવા મુજબ ૬૦ વર્ષ જુનો હતો, તે કયારે અને કેવી રીતે કોણે બંધ કર્યો અને તે અંગે પ્રતિવાદી તરફથી જે કાર્યવાહી થઈ કે કરી તે તેમજ જે તે રસ્તા દબાણદારોની સામે પ્રતિવાદીઓ તરફથી કોઈ કાર્યવાહી કરી હોય તેવો એક પણ દસ્તાવેજી પુરાવો આ કામે પ્ર તિવાદી તરફથી રજુ થયેલ નથી. આ કામે માર્ક ૭/૧ થી કોર્ટ કમિશ્નરનો રિપોર્ટ રજુ થયેલ છે. તે ધ્યાને લઈએ તો વાદીની જમીનમાંથી રસ્તો બનાવા માટે લાલ કલરની માટી નાખેલ જણાય આવે છે. આવા સંજોગોમાં આ કામે વાદીના પ્રથમદર્શનિય કેસ જણાય આવતો હોય, જેથી વાદીનો પ્રથમદર્શનિય કેસ બનતો હોવાનું પુરવાર થાય છે. આ કામે અગવડતા સગવળતા નું પલ્લો ધ્યાને લઈએ તો આ કામે દાવાવાળી જમીન જે વાદીઓની તેમજ સ્વતંત્ર માલીકી કબજાભોગવટાની આવેલ છે , અને તેમાં જો પ્રતિવાદીઓ તરફથી રસ્તો બનાવામાં આવે તો તેનો જાહેર ઉપયોગ થાય તેમ છે. અને વાદીની માલીકીની જમીન તેઓના માલીકી કબજાભોગવટામાંથી છીનવાઈ જાય તેમ છે. જેથી વાદીને અગવડતા પડે તેમ છે. આ કામે માર્ક ૭/૧ થી પંચરોજ કામ ધ્યાને લઈએ તો તેમાં વાદીના ખેતરમાં રસ્તો બનાવા માટે લાલ માટી નાખવામાં આવેલ છે. તેવુ જણાય આવે છે. જે પ્ર તિવાદીઓની માલીકીની હોય તેવો કોઈ દસ્તાવેજી આધાર પુરાવો પ્રતિવાદી તરફથી રજુ થયેલ નથી. જેથી અગવડતા સગવડતા નું પલ્લો ધ્યાને લઈએ તો તે પ્રતિવાદી કરતા વાદીની તરફેણમાં હોવાનું જણાય આવે છે. જેથી અગવડતા સગવડતા નું પલ્લો ધ્યાને લઈએ તો તે પ્રતિવાદી કરતા વાદીની તરફેણમાં હોવાનું પુરવાર થાય છે. આ કામે જયારે વાદીનો પ્રથમદર્શનિય કેસ બનતો હોય તેમજ અગવડતા સગવડતા નું પલ્લો પણ પ્રતિવાદી કરતા વાદીની તરફેણમાં હોવાનું પુરવાર થતુ હોય તેવા સંજોગોમાં નાણામાં ના આકી શકાય તેવુ નુકશાન થવાની

સંભાવના અને શકયતા ઘ્યાને લઈએ તો આ કામે જો વાદીને માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં ના આવે તો તેનાથી વાદગ્રસ્ત જમીનનો કબજોભોગવટો છીનવાઈ જાય તેમ છે. તેમજ તે જમીન પર તેઓ ઉપજ નિપજ લઈ, તેઓના ગુજરાન પર ત્રાપ પડે તેવી પરિસ્થિતી થાય તેમ છે. જેનો બદલો વાદીને નાણામાં ન આકી શકાય તેવુ નુકશાન થવાની સંભાવના અને શકયતા જણાય આવે છે. અને જો આ કામે વાદીને માંગ્યા મુજબ મનાઈ હુકમ આપવામાં આવે તો તેનાથી પ્રતિવાદીઓને કોઈ નુકશાન થવાની સંભાવના કે શકયતા જણાય આવતી નથી. કારણ કે આ કામે વાદગ્રસ્ત મિલકતની માલીકી કબજોભોગવટો વાદીઓના છે અને પ્ર તિવાદીઓના નથી. જેથી મનાઈ હુકમ આપવાથી પ્રતિવાદીને નાણામાં ન આકી શકાય તેવુ નુકશાન થવાની સં ભાવના કે શકયતા જણાય આવતી નથી. જેથી નાણામાં ન આકી શકાય તેવુ નુકશાન થવાની સંભાવના કે શકયતાઓ ઘ્યાને લઈએ તો પ્રતિવાદીઓ કરતા વાદીઓની તરફેણમાં હોવાનું પુરવાર થતુ હોય તેથી નીચે મુજબ નો હુકમ કરવામાં આવે છે.

## હુકમ

આ કામે વાદીઓની તરફેણમાં અને પ્રતિવાદીનં. ૨,૩ ની વિરુઘ્ધમાં તેવો મનાઈ હુકમ ફરમાવામાં આવે છે કે આ કામના પ્રતિવાદીઓએ વાદીઓની સંમતિ વગર કે કાયદેસરની પ્રક્રિયા અનુસર્યા વગર સર્વે નં. ૧ ૬૫ પૈકી ૨ તથા ૧૬૫ પૈકી ૪ ની જમીનમાં ગેરકાયદેસર પ્રતિવાદીઓએ જાતે કે તેના માણસો કે એજન્ટ કે મુખત્યાર મારફતે પ્રવેશ કરી સડક કે રસ્તો બનવો કે બનાવડાવો નહી. તેમજ વાદીના કબજાભોગવટામાં દખલ અંતરાય કોઈપણ પ્રકારે ઉભા કરવા કે કરાવા નહી. તેવો કામચલાઉ મનાઈ હુકમ આ દાવાના આખરી નિર્ણય સુધી ફરમાવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૨૫, માહે.૦૪, સને ૨૦૨૨ ના રજુ કરી ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવેલ છે.

(વાય.એન.પટેલ)
પિન્સીપાલ સિનિયર સિવીલ જજ
મોરબી
જી.જે. ૦૦૬૬૪